# “સંકલિત જીવાત વ્યવસ્થાપન” અંગેનો ચાર દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદના સંયુક્ત ઉપક્રમે “સંકલિત જીવાત વ્યવસ્થાપન” અંગેની તાલીમ તા. ૧૯/૦૧/૨૦૨૬ થી ૨૨/૦૧/૨૦૨૬ દરમ્યાન માનનીય કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ, જેમાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનાં અલગ અલગ ગામોના કુલ ૩૩ ખેડૂત ભાઈઓએ ભાગ લીધેલ. આ તાલીમ કાર્યક્રમમાં ધાન્ય પાકો, કઠોળ પાકો, તેલીબિયાના પાકો, બાગાયતી પાકો, ઘાસચારાનાં પાકોને નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે ઊંડાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ. તાલીમ કાર્યક્રમમાં વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવને ઘટાડવો જોઇએ તેમજ વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી આવક કઈ રીતે વધારી શકાય તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે જીવાત નિયંત્રણના અન્ય અભિગમો અપનાવવા અંગે પણ તાલીમ આપવામાં આવેલ અને ખેડૂતોને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

આ ઉપરાંત ખેડૂતોએ મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર, શાકભાજી સંશોધન કેન્દ્ર તેમજ પાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતના ખેતર, નરસંડા ખાતેની મુલાકાત લીધી હતી. આ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાયોગિક તાલીમ પણ આપવામાં આવી હતી.

આ તાલીમ કાર્યક્રમના અંતિમ દિવસે સમાપન કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં ખેડૂત ભાઈઓએ પણ તેઓના પ્રતિભાવમાં તાલીમ વિશે જણાવેલ કે આ તાલીમ તેઓને ખૂબજ ઉપયોગી સાબિત થશે કારણકે અત્યાર સુધી તેઓ જીવાત અને રોગ અંગે આટલી બધી સમજ ધરાવતા ન હતા. તેમજ આ તાલીમ કાર્યક્રમમાં તેઓએ મેળવેલ માહિતી અન્ય ખેડૂતો સુધી પણ પહોંચાડવાની ખાત્રી આપી હતી. તેઓએ આવી તાલીમ રાખવા બદલ આણંદ કૃષિ યુનિવર્સિટીનો આભાર પણ માન્યો હતો અને તાલીમ જાણવા લાયક અને સંતોષકારક રહી તેમ જણાવ્યુ હતું.

સમાપન કાર્યક્રમમાં કીટકશાસ્ત્ર વિભાગના વડા, ડૉ. ડી. બી. સિસોદીયાએ તાલીમ દરમ્યાન મેળવેલ માહિતીનો ઉપયોગ ખેતીમાં કરી તેનો લાભ મેળવવા જણાવ્યું હતું. તેમજ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં પોતાના બાળકોને પ્રવેશ મેળવવા માટે પ્રયત્ન કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પણ ખેડૂતોને તેમના મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનો સંપર્ક કરવા જણાવેલ તેમજ તાલીમ રાખવા બદલ આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે ડૉ. એન. આર. ચૌહાણ, ગૌરાંગ વાઘેલા, ડો. એમ. કે. કાનાણી, ડો. એન. એસ. ચૌધરી અને મિનાક્ષી લુણાગરીયા પણ હાજર રહ્યા હતા.

ડૉ. એસ. આર. પટેલ આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદએ સમાપન કાર્યક્રમમાં હાજર રહી તાલીમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેનો અનુરોધ કર્યો હતો અને બં. અ. કૃષિ વિદ્યાલય ધ્વારા યોજાતી અન્ય તાલીમ કાર્યક્રમો વિશે માહિતી આપી અને તેમાં પણ ભાગ લેવા જણાવેલ. વધુમાં ખેડૂત પોતાના બાળકોને યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતા કૃષિ શિક્ષણના જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશી મેળવી તેનો લાભ લેવા આહ્વાન કર્યું હતું. અંતમાં સૌ ખેડૂતો મેળવેલ માહિતીનો પોતાના ખેતરે ઉપયોગ કરે એવી અભ્યર્થના સાથે આશીર્વચન પાઠવેલ. તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ.

# તાલીમ કાર્યક્રમની ઝાંખી





















तुलसी